# BUSINESS મિત્ર

# નિફ્ટીએ 24400 પોઇન્ટની સપાટી કુદાવી, સેન્સેક્સમાં 521 પોઇન્ટનો ઉછાળો

**એચડીએફસી** બેન્કના જોરે સતત ચોથા દિવસે શેરબજારમાં તેજી જોવા મળી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 6: સપ્તાહની શરૂઆતમાં શેરબજારમાં મજબૂત માહોલ રહ્યો હતો, આજે એચડીએફસી બેન્કના કવાર્ટરલી બિઝનેસ અપડેટની અસર જોવા મળી હતી અને શેરબજારમાં એચડીએફસી બેન્કના જોરે સતત ચોથા દિવસે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. જેની સાથે રિલાયન્સે પણ ટેકો આપ્યો હતો. જેમાં સેન્સેક્સ 521 પોઇન્ટનો ઉછાળો રહ્યો હતો, જ્યારે નિફ્ટીએ 24400 પોઇન્ટની સપાટી કુદાવી હતી. જેના લીધે રોકાણકારોની સંપત્તિમાં અઢી લાખ કરોડ રૂપિયામાં વૃદ્ધિ જોવા મળી હતી. બ્રોડર માર્કેટમાં પણ સુધારો આગળ વધ્યો હતો, પણ આજે લાર્જકેપ શેરોમાં મજબૂતાઇ રહી હતી.

સેકટર વાઇઝ જોઇએ તો પીએસયુ બેન્ક અને આઇટી શેરોમાં વેચવાલીનું દબાણ હાવી રહ્યું હતું, પરંતુ ઓટો અને રિયલ્ટી શેરોની સાથે એચડીએફસી બેન્ક-રિલાયન્સના ઉછાળાથી બજારમાં તેજીનો દોર આગળ વધ્યો હતો.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપ રૂ. 479 લાખ કરોડથી વધીને રૂ. 482 લાખ કરોડની ઉપર પહોંચી ગઇ હતી. આમ, આજે રોકાણકારોએ રૂ. 2.63 લાખ કરોડનો વધારો કર્યો હતો.

બીએસઇ સેન્સેક્સ 521.16 પોઇન્ટ એટલે કે 0.67 ટકા વધીને 78285.07 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 78398 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77879 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટીએ 24400 પોઇન્ટની સપાટી કુદાવીને બંધ રહી હતી.

આજે નિફ્ટી 159.50 પોઇન્ટ એટલે કે 0.66 ટકા વધીને 24430.35 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24458 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24287 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 353 પોઇન્ટ એટલે કે 0.61 ટકા વધઈને 58291.50 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ગ્લેક્સોસ્મીથમાં 17.18 ગણા, સીન્જીન ઇન્ટરનેશનલમાં 13.15 ગણા, વોલ્ટાસ લિ.માં 6.59 ગણા, સેરા સેનીટરીવેરમાં 5.2 ગણા અને સન ટીવીમાં 4 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એજીસ વાપક ટર્મિનલ્સમાં 6.75 ગણા, સ્વાન કોર્પમાં 6.24 ગણા, એલાઇડ બ્લેન્ડર્સમાં 5.84 ગણા, વેલસ્પન કોર્પમાં 5.14 ગણા, એચઇજી લિ.માં 3.89 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટનું પ્રદર્શન લાર્જકેપની સરખામણીએ નબળુંરહ્યું હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.47 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.37 ટકા વધ્યો હતો, જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહી હતી. બીએસઇ ખાતે 2055 શેરો વધ્યા હતા, જ્યારે 2286 શેરો ઘટ્યા હતા અને 203 શેરો યથાવત રહ્યા હતા.

રિયલ્ટી શેરોમાં મજબૂતાઇ રહી હતી, નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સ 1.56 ટકા વધ્યા હતા. જેમાં બ્રિગ્રેડ એન્ટર, લોઢા ડેવલર્પસ, ફોનીક્સ મીલ્સ, ગોદરેજ પ્રોપર્ટીઝ, પ્રેસ્ટીજ એસ્ટેટ, શોભા, આદિત્ય બિરલા રિયલ એસ્ટેટ અને ઓબરોય રિયલ્ટી વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો નકારાત્મક વલણ સાથે ખુલ્યા હતા, જે પાછળથી મિશ્ર ચાલી રહ્યા છે.રોકાણકારો સપ્તાહના અંતમાં સેન્ટ્રલ બેન્કની ટિપ્પણી અને નિર્ણાયક આર્થિક ડેટા પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું અને સાવચેત જોવાયા હતા. યુરોપિયન એરિયામાં ઉત્પાદકના ભાવમાં મે 2026માં 0.2 ટકાનો વધારો થયો હતો, જોકે, આ વધારો ઉર્જાના ભાવમાં એક ટકાના ઘટાડાથી થોડીક રાહત મળી હતી, જ્યારે વાર્ષિક ફુગાવો 5.9 ટકા પર પહોંચ્યો હતો, જે માર્ચ 2023 પછીનો સૌથી વધુ છે.

જોકે, ક્રુડના ભાવ ઘટવાના કારણે ફુગાવાનું દબાણ હળવું થઇ રહ્યું હોવાના અહેવાલથી એશિયન બજારો મિશ્ર રહ્યા હતા.

જોકે, અમેરિકા અને ઇરાન વચ્ચે વાટાઘાટોમાં હજુય કોઇ પરિણામ આવ્યું નથી, પણ હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોનું અવનજવન ચાલુ છે, બીજી તરફ, ઓપેક પ્લસ ઓગસ્ટથી ઉત્પાદનમાં 1.88 લાખ બેરલ પ્રતિ દિવસ વધુ વધારો કરવા માટે સંમત થયા છે. જેની લાંબા ગાળે ક્રુડના ભાવ પર અસર વર્તાશે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.32 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.03 ટકા અને ડેક્સ 0.10 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.15 ટકા, તાઇવાન 0.48 ટકા, કોસ્પી 0.46 ટકા, શાંઘાઇ 0.06 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઇટસ 0.30 ટકા, હેંગસેંગ 0.78 ટકા અને જકાર્તા 0.68 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## ડોલરમાં પ્રત્યાઘાતી સુધારો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 6: કરન્સી બજારમાં આજે સપ્તાહની શરૂઆતમાં બેઉતરફી વધઘટે ડોલરમાં પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો. ડોલરની સામે રૂપિયો 16 પૈસા ઘટીને 95.39ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 108.39, પાઉન્ડ 127.18, કેનેડિયન ડોલર 67.17, ઓસ્ટ્રેલિયન ડોલર 65.81, જાપાનીઝ યેન 0.5877 અને સીંગાપોર ડોલર 73.94ના સ્તરે બંધ રહ્યા હતા.

### ફોરેક્સ બજાર

| | |
|---|---|
| ડોલર | 95.39 રૂ. |
| યુરો | 108.39 રૂ. |
| પાઉન્ડ | 127.18 રૂ. |
| યેન | 0.5876 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 521.16 | 78285.07 |
| નિફ્ટી | 159.35 | 24430.35 |
| બેન્ક નિફ્ટી | 353.00 | 58291.50 |

### નિફ્ટી

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચડીએફસી બેન્ક | 3.60 | 829.85 |
| હિન્દાલ્કો | 2.85 | 980.40 |
| બજાજ ઓટો | 2.57 | 10036.50 |
| ઓએનજીસી | 2.55 | 243.90 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.05 | 3201.20 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોટક બેન્ક | 3.89 | 381.30 |
| મેક્સ હેલ્થકેર | 1.81 | 1132.50 |
| ટીસીએસ | 1.71 | 2057.60 |
| કોલ ઇન્ડિયા | 1.45 | 432.35 |
| બજાજ ફિનસર્વ | 1.31 | 1870.70 |

### સેન્સેક્સ

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચડીએફસી બેન્ક | 3.59 | 829.75 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.02 | 3201.15 |
| બીઇએલ | 1.79 | 425.50 |
| રિલાયન્સ ઇન્ડ. | 1.31 | 1321.40 |
| ICICI બેન્ક | 1.12 | 1426.05 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોટક બેન્ક | 3.89 | 381.25 |
| ટીસીએસ | 1.68 | 2057.50 |
| બજાજ ફિનસર્વ | 0.99 | 1876.90 |
| પાવરગ્રીડ | 0.89 | 285.40 |
| અદાણી પોર્ટસ | 0.55 | 1863.95 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂ.** | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૮ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૧૦૦ ટેક્ષ | ૧૩૯ | ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ | ૮૦/૭૨ રોટો | ૧૪૩ | ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૯૫૮૦ |
| તેજાબી સોનું | ૧૪૯૪૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૨૧૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૬૫૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૯૫૮૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૯૨૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૦૭૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફલાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૬૦૦ |
| એમ-૩૦ | ૪૫૫૦ |
| એસ-૩૦ | ૪૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૩૫૦ |

# આગામી જુન 2027 સુધીમાં સેન્સેક્સ એક લાખને પાર કરી જશે : મોર્ગન સ્ટેનલી

**ક્રુડના** ભાવ નિયંત્રણમાં, ગ્રોથ વેગ પકડે તો બજાર નવી ઉંચાઇ સ્પર્શશે

મુંબઇ, તા. 6: વૈશ્વિક અનિશ્ચિતતાના વાદળો છૂટા પડી રહ્યા છે અને ફરીથી શાંતિ રહેશે તો આગામી 2027ના જુન મહિના સુધીમાં ભારતીય શેરબજારમાં સેન્સેક્સ એક લાખને પાર કરી શકે છે. જો કે તેની સંભાવના માત્ર 25 ટકા હોવાનું માનવામાં આવે છે. જે બુલ કેસ તરીકે માની રહ્યું છે. એટલે કે જો મોટાભાગના પરિબળો બજારની તરફેણમાં રહે તો આ લક્ષ્યને પ્રાપ્ત કરી શકાય છે.

મોર્ગન સ્ટેનલી કહે છે કે આ અંદાજ કેટલાક મહત્વપુર્ણ સંજોગો પર આધારિત છે. ઉદાહરણ તરીકે, ક્રુડ ઓઇલની કિંમત 80 ડોલર પ્રતિ બેરલ નીચે રહી છે. અર્થતંત્રને વેગ આપનારી નીતિઓની અસર જોવા લાગી. આ સિવાય નાણાકીય વર્ષ 2026 અને 2029ની વ્ચેચ કંપનીઓની કમાણીમાં દર વર્ષે સરેરાશ 19 ટકાનો વધારો થવો જોઇએ.

બ્રોકરેજ એમ પણ કહે છે કે ભારતીય શેરબજારના વેલ્યુએશનમાં ઘટાડો કાયમી નથી. મોર્ગન સ્ટેનલીએ જુન 2027 સુધીમાં સેન્સેક્સ 89000 સુધી પહોંચવાની 50 ટકા સંભાવના છે. તેમણે આને પોતાનો આધાર કેસ માન્યો છે. બ્રોકરેજના ઇક્વિટી સ્ટ્રેટેજિસ્ટ રિધમ દેસાઇ અને નયંત પારેખનું કહેવું છે કે છેલ્લા કેટલાક સમયથી ભારતીય બજાર નબળું પ્રદર્શન કરી રહ્યું છે. એફપીઆઇનો હિસ્સો પણ ઘટ્યો છે. આવી સ્થિતિમાં જો પરિસ્થિતિ સુધરશે તો ભારતીય શેરબજારમાં સારો ઉછાળો જોવા મળી શકે છે.

મોર્ગન સ્ટેનલીના જણાવ્યા અનુસાર ભારતની આર્થિક વૃદ્ધિ હવે નીચલા સ્તરથી રિકવર થઇ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. ધીમે ધીમે તેમાં સુધારો પણ થઇ રહ્યો છે. જો કે, ભારત હજુ પણ એવા દેશો કરતા પાછળ છે જેમને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં મોટા રોકાણનો લાભ મળી રહ્યો છે.

બ્રોકરેજ કહે છે કે સૌથી મોટો સવાલ એ છે કે રોકાણકારો ભારત અને વિશ્વમાં વૃદ્ધિમાં તફાવત કેવી રીતે જુએ છે. જો વિશ્વમાં એઆઇ પર ખર્ચ કરવાનો ઉત્સાહ ઘટે છે અને બીજી તરફ ભારતનો વિકાસ વેગ આવે છે, તો બજારનો દૃષ્ટિકોણ બદલાઇ શકે છે.

આ ઉપરાંત, જુન કવાર્ટરના પરિણામો અને ચોમાસાની ચાલ પર નજર રાખવામાં આવશે. એફપીઆઇનો ભારતીય બજાર પર વિશ્વાસ વધે તે માટે સરકાર પ્રયાસ કરી રહી છે, તે સફળ થાય તેજીની ઝડપ વધી જશે.

મોર્ગન સ્ટેનલીને ફાઇનાન્સીયલ, કન્ઝ્યુમર અને ઇન્ડસ્ટ્રીયલ પર ઓવરવેઇટીંગ આપ્યું છે, તેની સાથે એનર્જી, સામગ્રી અને હેલ્થકેર સેકટર ખૂબજ સકારાત્મક નથી. જેને અંડરવેઇટ રેટિંગ આપવામાં આવ્યું છે.

આઇટી સેકટર અંગે મોર્ગન સ્ટેનલીનું કહેવું છે કે, જે આગામી સમયમાં સૌથી મોટું આશ્ચર્ય પહોંચાડી શકે છે. વિશ્વભરની કંપનીઓ એઆઇ એપ્લિકેશનો અને સોલ્યુશન્સ બનાવવા માટે ભારતીય આઇટી કંપનીઓનો વધુ ઉપયોગ કરી શકે છે.

# સોવરેન બોન્ડમાં રોકાણ કરનારને પાંચ વર્ષમાં 190 ટકાનું શાનદાર રિટર્ન

મુંબઈ, તા. 6 : સોવરેન ગોલ્ડ બૉન્ડ (SGB) માં રોકાણ કરનારાને માટે ઘણા સારા સમાચાર સામે આવ્યા છે. રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા (RBI) એ સોવરેન ગોલ્ડ બૉન્ડ 2020-21 સીરીઝ-IX માં સમય પહેલા રિડેમ્પશનનો ભાવ રૂ. 14,366 પ્રતિ યુનિટ નક્કી કર્યો છે. આ વિકલ્પ 4 જુલાઈ 2026 થી ઉપલબ્ધ છે.

આરબીઆઈના નિયમ પ્રમાણે એસજીબીમાં રોકાણ કરનારા રોકાણકારોને ઈશ્યુની તારીખથી 5 વર્ષ પૂર્ણ થયા પછી, વ્યાજની ચુકવણીની નિશ્ચિત તારીખ પર પહેલા બહાર નીકળવાનો વિકલ્પ મળે છે. આ સીરીઝ 5 જાન્યુઆરી 2021 ના રોજ ચાલુ કરવામાં આવી હતી.

ઓનલાઈન અરજી કરનારા રોકાણકારો માટે આ બોક્સ ઈશ્યુ પ્રાઈસ 4,950 રૂપિયા પ્રતિ ગ્રામ હતો, આ ઑનલાઈન રોકાણકારોની કિંમત 5,000 રૂપિયા પ્રતિ ગ્રામ રખાઈ હતી. હવે આરબીઆઈએ રિડેમ્પશન પ્રાઈસ 14,366 રુપે પ્રતિ ગ્રામ નક્કી કરી છે.

સીધી ગણતરી જોઈએ તો, ઓનલાઇન રોકાણકારોને પ્રતિ ગ્રામ રૂ. 9,416 ની સીધો ફાયદો થયો. એટલે કે, રૂ. 14,366 - રૂ. 4,950 = રૂ. 9,416. ટકામાં આ 190.22 ટકા વળતર છે.

જો કોઈ રોકાણકારે તે સમયે રૂ. 1 લાખ રોકાણ કરે છે, તો હવે તેની રોકાણ રકમ રૂ. 2,90,220 રૂપિયા થઈ છે. આની તેને 1,90,220 નો ફાયદો મળ્યો.

આ રકમમાં SGB પર મળતું 2.5 ટકા વાર્ષિક વ્યાજનો ઉમેરો કરવામાં આવ્યો નથી. જો તેને ઉમેરવામાં આવ તો કુલ આવક તેથી પણ વધુ થશે.

આરબીઆઈના અનુસાર, સમય પહેલા રિડમ્પશનની કિંમત ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસેશન (IBJA) દ્વારા પ્રકાશિત 999 શુદ્ધતા ધરાવતા સોનાનો છેલ્લા ત્રણ દિવસોની સરેરાશ બંધ ભાવના આધાર પર નક્કી કરાય છે. આ વખતે તેની કિંમત 1, 2 અને 3 જુલાઈ 2026 ના રોજ સરેરાશ ભાવને આધારે નક્કી કરાઈ છે.

ગોલ્ડ બૉન્ડ સરકાર તરફથી RBI દ્વારા બહાર પાડવામાં આવે છે. તેમાં રોકાણકારને ફિઝિકલ ગોલ્ડ ખરીદવાની જરૂર નથી અને પાકતી મુદતે તેને ચુકવણી રોકડ મળે છે.

રોકાણકારોની પ્રારંભિક રોકાણ રકમ પર 2.5 ટકા વ્યાજ મળે છે. જે દર છ મહિને બેન્કમાં જમા થાય છે. રોકાણકારો ન્યૂનતમ રોકાણ 1 ગ્રામ દ્વારા કરી શકે છે. એક વ્યક્તિ અને HUF મહત્તમ 4 કિલોગ્રામ સુધી રોકાણ કરી શકે છે, જ્યારે ટ્રસ્ટ જેવી સંસ્થા માટે તેની સીમા 20 કિલોગ્રામ છે.

## મેટલ શેરોમાં નફાવસુલી કરો, દરેક ઉછાળે વેચો

મુંબઈ, તા. 6: મેટલ શેરોમાં નવી ખરીદી કરવાને બદલે, વ્યક્તિએ નફો કરવાનું વિચારવું જોઇએ, કેમ કે મેટલ શેરોના સારા દિવસો સમાપ્ત થવાના આરે છે. વૈશ્વિક અનિશ્ચિતતાના વાદળો દૂર થઇ રહ્યા છે, જેથી મેટલના ભાવો જે ઉછળ્યા હતા, તે ફરીથી જમીન પર આવી જશે, એવું માનવામાં આવી રહ્યું છે. નિષ્ણાતના માનવા અનુસાર એપ્રિલ-જુન કવાર્ટરના પરિણામો મેટલ કંપનીઓ માટે સારા હોઇ શકે છે, પણ બજાર પહેલાથી જ તેની અપેક્ષા રાખી ચુક્યું છે. એટલે કે સારા સમાચારની અસર મોટા ભાગે શેરમાં જોવા મળી ચુકી છે.

જેથી આવનારા સમયમાં કોમોડિટીના ભાવમાં નરમાઇ આવી શકે છે. કંપનીઓની કમાણીનો અંદાજ પણ ઘટી શકે છે.

છેલ્લા કેટલાક સમયથી મેટલના શેરોમાં 20થી 30 ટકાનો ઘટાડો થયો છે. જેથી પરિણામોની અસર રહેશે અને શેરના ભાવ વધી શકે છે, પણ આ જુની ઉંચાઇ કે તેનાથી વધુ તેજી જોવા મળે તો નવી ખરીદીના બદલે દરેક ઉછાળે નફો બુક કરતા રહેવું.

## વૈશ્વિક અનિશ્ચિતતાની અસર, જુનમાં 3 લાખથી વધુ ઈવી વાહનો વેચાયા

**ભારતમાં** ઇવીની લોકપ્રિયતા વધી, ઇલે. ટુ વ્હીલરનો હિસ્સો 10 ટકાને વટાવી દીધો

નવી દિલ્હી, તા. 6: ભારતીય ઓટો માર્કેટ ઝડપથી બદલાતું જોવા મળી રહ્યું છે. ખાસ કરીને મીડલ ઈસ્ટ તણાવ બાદ ક્રુડના ભાવમાં ઉતારચઢાવની અસર પડી રહી છે અને ભારતીયો ઈલેક્ટ્રીક વાહનો તરફ વળ્યા છે. જુન, 2026માં ઓટો વેચાણ સારૂં રહ્યું છે, પણ તેમાં ઈવી વાહનોના વેચાણમાં જબરજસ્ત વૃદ્ધિ જોવા મળી હતી અને 3 લાખથી વધુ ઈવી વાહનોનું વેચાણ થયું છે. ખાસ વાત એ છે કે પહેલીવાર ઈલે. ટુ વ્હીલરનો માર્કટ શેર 10 ટકાને પાર કરી ગયો છે, જે ભારતમાં ઈવી અપનાવવાની ઝડપ દર્શાવે છે.

જુન 2026ના મહિનામાં, તમામ કેટેગરીમાં 3.06 લાખથી વધુ ઇલે. વાહનો નોંધાયા છે, જે અત્યાર સુધીનો સૌથી વધુ આંકડો છે. આમાંથી સ્પષ્ટ થાય છે કે ભારતીય ગ્રાહકો હવે વધુને વધુ ઇલે. મોબિલિટી અપનાવી રહ્યા છે. તે જ સમયે, સૌથી મોટી સિદ્ધિ ઈલે. ટુ વ્હીલર્સની છે. સેગમેન્ટનો હિસ્સો પ્રથમ વખત 10.60 ટકા પર પહોંચ્યો હતો, જે ગત વર્ષે માત્ર 7.34 ટકા હતો.

ઈલે. કારની દ્રષ્ટિએ ઈલે. કારનો બજારનો હિસ્સો વધીને 7.75 ટકા થયો છે, જ્યારે કોર્મશીયલ વાહનોમાં ઈવીનો હિસ્સો બમણો થઈને 3.53 ટકા થયો છે. ઈલે. થ્રી વ્હીલર સેગમેન્ટમાં ઈવી બજારમાં 64 ટકાથી વધુ હિસ્સો ધરાવે છે, જે દર્શાવે છે કે ઓટો રિક્ષા અને નાના વ્યાપારી પરિવહનમાં ઈલે. વિકલ્પોને વધુને વધુ પ્રાધાન્ય આપવામાં આવી રીતે ઓછો છે.

નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર, ઈલેક્ટ્રિક વાહનોની વધતી માંગ પાછળ ઘણા કારણો છે. પેટ્રોલ અને ડીઝલના ઊંચા ભાવને કારણે, લોકો ઓછા ખર્ચના વિકલ્પોની શોધમાં છે અને હવે ઈવી ખરીદવાનું પસંદ કરી રહ્યા છે. આ સિવાય દેશભરમાં ચાર્જિંગ સ્ટેશનોનું ઝડપી વિસ્તરણ, ઓટો કંપનીઓ દ્વારા નવા મોડલનું વારંવાર લોન્ચિંગ અને બેટરી ટેક્નોલોજીમાં સુધારણાએ પણ ગ્રાહકોનો વિશ્વાસ વધાર્યો છે.

## મોબાઈલ રિચાર્જ મોઘું થશે, 10થી 15 ટકાના વધારાની શક્યતા

મુંબઈ, તા. 6: છેલ્લા કેટલાક વર્ષોમાં મોબાઈલ રિચાર્જ ખૂબજ મોંઘો થઈ ગયો છે, તેવા સમયે વધુ એક ઝટકો આવવાની તૈયારી છે. ફરીથી મોબાઈલ રિચાર્જ મોંઘો થવા જઈ રહ્યો છે. એક નવા રિપોર્ટ અનુસાર, દેશની ટેલિકોમ કંપનીઓ આગામી ત્રણથી ચાર મહિનામાં મોબાઇલ ટેરિફમાં 10થી 15 ટકાનો વધારો કરી શકે છે. એવું માનવામાં આવે છે કે, ટેલિકોમ માર્કેટમાં સ્પર્ધામાં ઘટાડો અને 4જી-5જી સેવાઓની વધતી માગને કંપનીઓ માટે કિંમતો વધારવાનું સરળ બન્યું છે. એક રિસર્ચ રિપોર્ટ મુજબ ભારતીય ટેલિકોમ માર્કેટમાં હવે મોટી કંપનીઓ મર્યાદિત છે, જેના કાણે ટેરિફ વધારવાની સંભાવના મજબૂત બની છે. રિપોર્ટમાં અંદાજ લગાવવામાં આવ્યો છે કે આગામી 3થી 4 મહિનામાં મોબાઈલ પ્લાનમાં ભાવમાં 15 ટકા સુધીનો વધારો થશે. જેની અસર પ્રીપેઈડ અને પોસ્ટપેઈડ બંનેને વધુ ચુકવણી કરવી પડશે. ઉલ્લેખનીય છે કે, મોટી સંખ્યામાં ગ્રાહકો 5જી નેટવર્ક તરફ વળી રહ્યા છે.

# કેન્દ્ર સરકાર આપણાં વાહનો ઉપર પેટ્રોલમાં ઇથેનોલ ભેળવવાના અખતરાઓ કરી રહી છે



ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

ભારતના રાજકારણીઓ ક્યારેક પોતાનો સ્વાર્થ સાધવા દેશનાં કરોડો નાગરિકો સાથે રમત રમતાં હોય છે. હાલમાં E20 ઈંધણને લગતો વિવાદ વધુ ઘેરો બની રહ્યો છે. એક તરફ લોકો ફરિયાદ કરી રહ્યાં છે કે છેલ્લા કેટલાક મહિનામાં E20 ઈંધણને કારણે તેમનાં વાહનોનું માઇલેજ ઘટી ગયું છે. બીજી તરફ લોકો એન્જિનમાં સમસ્યા અને કામગીરીમાં ઘટાડો થવાની પણ ફરિયાદ કરી રહ્યાં છે, કારણ કે તેઓ માને છે કે પેટ્રોલમાં વધુ પડતું ઇથેનોલ ભેળવવામાં આવી રહ્યું છે. આ કેસ સુપ્રીમ કોર્ટમાં પહોંચતાં સરકારે એવું નિવેદન કર્યું છે કે દેશભરમાં પ્રાયોગિક ધોરણે ઇથેનોલ વેચવામાં આવી રહ્યું છે. તેનાથી વાહનોને નુકસાન થાય છે કે નહીં, તેની ખબર એક વર્ષ પછી પડશે. આ બાજુ વીમા કંપનીઓ ઇથેનોલને કારણે નુકસાન પામનારાં વાહનો માટે વળતર આપવાનો ઇનકાર કરી રહી છે. અખબારોમાં છપાય છે કે કેન્દ્રના પરિવહન મંત્રી નીતિન ગડકરીના પુત્રો ઇથેનોલનું ઉત્પાદન કરીને કરોડપતિ બની ગયા છે. હકીકતમાં, ભારતમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેનોલ ભેળવવાની E20 નીતિ અંગે સામાન્ય લોકોનો મુખ્ય અસંતોષ વાહનની ક્ષમતા અને નાણાંકીય નુકસાન સાથે સંબંધિત છે. લોકોની સૌથી મોટી ફરિયાદ એ છે કે E20 પેટ્રોલના ઉપયોગને કારણે વાહનોનું માઇલેજ ૧૦ થી ૩૦ ટકા ઘટી ગયું છે અને તેના કારણે માસિક બજેટમાં વધારો થયો છે. E20 સુસંગત ન હોય તેવી કારમાં, ઇથેનોલને કારણે ઈંધણ પંપ ભરાઈ જવા, રબર પાઇપ તૂટવા અને એન્જિનના ભાગોમાં કાટ લાગવાની ફરિયાદો મળી છે. જો કે, સરકાર આ દાવાઓને નકારી કાઢે છે અને કહે છે કે આવું કંઈ થઈ રહ્યું નથી. એ નોંધવું યોગ્ય છે કે ભારતમાં મોટા ભાગનાં વાહનો ૨૦૨૩ પહેલાં બનાવવામાં આવ્યાં હતાં અને E10 (૧૦ ટકા ઇથેનોલ) અથવા શુદ્ધ પેટ્રોલ માટે ડિઝાઇન કરવામાં આવ્યાં હતાં. લાખો કાર માલિકો સરકાર પર E20 અથવા તો પછી E85 અથવા E100 લાદવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવી રહ્યા છે. વિદેશોમાં જ્યાં પણ પેટ્રોલમાં ઇથેનોલનું મિશ્રણ કરવામાં આવે છે, ત્યાં વાહનચાલકોને શુદ્ધ પેટ્રોલ ખરીદવાનો વિકલ્પ આપવામાં આવે છે. ભારતમાં તો ઇથેનોલ માથે મારવામાં આવી રહ્યું છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી ચાલી રહેલા ઈંધણ સંકટ વચ્ચે આયાતી ઈંધણ પર નિર્ભરતા ઘટાડવા માટે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે લોકોને ઈંધણ બચાવવાની અપીલ કરી છે અને E20 ઉપરાંતના વિકલ્પો પર પણ વિચાર કર્યો છે, જેમાં E30 અને E85 થી E100નો સમાવેશ થાય છે. સરકાર કહે છે કે પેટ્રોલમાં ઇથેનોલ ભેળવવાથી પેટ્રોલની આયાત ઓછી થશે. ઈંધણ નીતિનો બચાવ કરતાં સરકાર કહે છે કે તે વિદેશી હૂંડિયામણ બચાવે છે અને ખાસ કરીને શેરડી અને મકાઈ ઉગાડનારા ખેડૂતોની આવકમાં વધારો કરે છે. સરકારનો દાવો છે કે ઓટોમોટિવ રિસર્ચ એસોસીએશન ઓફ ઇન્ડિયા (ARAI) એ જૂનાં અને નવાં વાહનો પર ૧ લાખ કિલોમીટરથી વધુનું પરીક્ષણ કર્યું છે અને એન્જિનની નિષ્ફળતાનો કોઈ કેસ નોંધાયો નથી. નોંધનીય છે કે E20 ઈંધણની આસપાસનો રાજકીય વિવાદ હવે શરૂ થઈ ગયો છે, જેમાં મુખ્ય વિપક્ષ કોંગ્રેસ આગેવાની લઈ રહ્યો છે. કોંગ્રેસનો દાવો છે કે E20 ઈંધણ એ યોગ્ય પરીક્ષણ વિના લાખો નાગરિકો પર લાદવામાં આવેલો પ્રયોગ છે. આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો ત્યારે સરકારે જણાવ્યું કે આ નીતિ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક રીતે પરીક્ષણ કરાયેલી છે અને રાષ્ટ્રીય ઊર્જા સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ છે.

બિહારના એક પેટ્રોલ પંપે વાહનમાં પેટ્રોલને બદલે શેરડીનો રસ ભર્યો હોવાના અહેવાલ છે, જેના કારણે એન્જિનને નુકસાન થયું છે. અન્યત્ર એવા અહેવાલો પણ આવ્યા છે કે પેટ્રોલમાં ૨૦ ટકાથી વધુ ઇથેનોલ હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે ઈંધણનો રંગ અલગ દેખાતો હતો. અન્ય ઘણા અહેવાલો બહાર આવી રહ્યા છે, જે સ્પષ્ટ કરે છે કે E20 પેટ્રોલ વિશે નોંધપાત્ર જાહેર અનિશ્ચિતતાઓ છે, જેને દૂર કરવાની સરકારની જવાબદારી છે. કેટલાંક લોકો કહે છે કે ઇથેનોલ એક પ્રકારનો દારૂ છે. જો ગુજરાતમાં દારૂબંધી હોય તો ઇથેનોલ કેવી રીતે વેચી શકાય?

ભારતમાં E20 ઈંધણને લઈને ખૂબ ચર્ચા અને વિવાદ ચાલી રહ્યાં છે, ત્યારે ગયા મહિને હીરો મોટોકોર્પે સ્પ્લેન્ડર પ્લસ અને HF ડિલક્સના ફ્લેક્સ-ફ્યુઅલ મોડેલ્સ લોન્ચ કર્યાં હતાં. મારુતિ સુઝુકીએ તેની વેગનઆરના ફ્લેક્સ-ફ્યુઅલ મોડેલ્સ પણ લોન્ચ કર્યા હતા. આ ફ્લેક્સ-ફ્યુઅલ કાર અને બાઇક પેટ્રોલ સાથે ૮૫ ટકા સુધી ઇથેનોલના મિશ્રણ પર ચલાવવા માટે સક્ષમ છે. દિલ્હી અને મુંબઈમાં પણ E85 ઈંધણ ઉપલબ્ધ છે. જો કે આ કાર ખરીદવા માટે પહેલાં હાલની કાર વેચવી પડશે. લોકો તેના વેચાણના આંકડાઓ પર ઉત્સુકતાથી નજર રાખી રહ્યા છે. ભારતમાં હાલમાં E20 ઈંધણનો ઉપયોગ થાય છે.

કેન્દ્ર સરકારે આમાં વધારો કર્યો છે અને હવે ૩૦ ટકા સુધી ઇથેનોલ ભેળવવામાં આવતાં પેટ્રોલ માટે ઈંધણનાં ધોરણો જારી કર્યાં છે. બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) એ પેટ્રોલમાં ઇથેનોલ ભેળવવા માટે E22, E25, E27 અને E30 ઈંધણ માટે નવાં ધોરણો જારી કર્યાં છે, જેમાં ઇથેનોલ ૨૨ ટકાથી ૩૦ ટકા કરવામાં આવ્યું છે.

કોંગ્રેસના નેતા પવન ખેરાએ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પર નિશાન સાધતાં કહ્યું છે કે જ્યારે પિતા નીતિન ગડકરી નીતિઓ બનાવી રહ્યા છે, ત્યારે તેમના પુત્રો તેનો લાભ લઈ રહ્યા છે. ૨૦૧૮ માં નીતિન ગડકરીએ પાંચ ઇથેનોલ ઉત્પાદન કેન્દ્રો સ્થાપિત કરવાનું વચન આપ્યું હતું. આ કેન્દ્રો સ્થાપિત થયાં નથી. જે ઇથેનોલનું ઉત્પાદન થઈ રહ્યું છે તે શેરડી અને અનાજમાંથી બનાવવામાં આવી રહ્યું છે. આ ઈંધણ વાહનોને નુકસાન પહોંચાડી રહ્યું છે અને પેટ્રોલ સસ્તું થયું નથી. નીતિન ગડકરીના બે પુત્રો છે. તેમની કંપની દ્વારા શેરડીમાંથી ઇથેનોલનું ઉત્પાદન કરતાં કારખાનાં નાખવામાં આવ્યાં છે. નિખિલ ગડકરીની ૧૮ કરોડ રૂપિયાની આવક એક વર્ષમાં વધીને ૫૨૩ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ઇથેનોલ વાહનોના એન્જિનને નુકસાન પહોંચાડી રહ્યું છે. ખેડૂતોને આનો કોઈ ફાયદો મળી રહ્યો નથી. તેનાથી વિપરીત, ઇથેનોલ બનાવવા માટે તેમની પાસેથી શેરડી અને અનાજ સસ્તા દરે લેવામાં આવી રહ્યા છે. ઇથેનોલના ઉત્પાદનથી પર્યાવરણને પણ ભારે નુકસાન થાય છે. ૧ લિટર ઇથેનોલ બનાવવા માટે ૩,૦૦૦ લિટર પાણીની જરૂર પડે છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે ઇથેનોલ-મિશ્રિત પેટ્રોલ વિરુદ્ધ તાજેતરમાં સોશ્યલ મીડિયા પર ચાલી રહેલી ઝુંબેશ તેમના પર કેન્દ્રિત હતી. તેમણે ઇથેનોલના ફાયદાઓ પર પ્રકાશ પાડતાં કહ્યું કે તેનાથી ખેડૂતોને ૪૫,૦૦૦ કરોડ રૂપિયાનો ફાયદો થયો છે. કેન્દ્રની મોદી સરકાર ઇથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ (EBP) કાર્યક્રમ હેઠળ પેટ્રોલમાં ઇથેનોલ બ્લેન્ડિંગને પ્રોત્સાહન આપી રહી છે, જે હેઠળ જાહેર ક્ષેત્રની તેલ માર્કેટિંગ કંપનીઓ પેટ્રોલમાં બ્લેન્ડેડ ઇથેનોલ વેચે છે. ગયા મહિનાની શરૂઆતમાં સુપ્રીમ કોર્ટે દેશભરમાં ૨૦ ટકા ઇથેનોલ-બ્લેન્ડેડ પેટ્રોલની રજૂઆતને પડકારતી અરજી પર વિચાર કરવાનો ઇનકાર કર્યો હતો.

સોસાયટી ઓફ ઇન્ડિયન ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરર્સ (SIAM) ના ૬૫મા વાર્ષિક સંમેલનમાં બોલતાં ગડકરીએ પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેનોલ ભેળવવા અંગેની ચિંતાઓનો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું કે E20 કાર્યક્રમ અંગે ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ, ઓટોમોટિવ રિસર્ચ એસોસીએશન ઓફ ઇન્ડિયા (ARAI) અને SIAM એ તેમનાં તારણોમાં સ્પષ્ટતા આપી છે. સુપ્રીમ કોર્ટે પણ આ સંદર્ભમાં ખૂબ જ સ્પષ્ટ નિર્ણય લીધો છે.

ઇથેનોલ-મિશ્રિત પેટ્રોલ સામે સોશ્યલ મીડિયા પર થઈ રહેલી ટીકાનો ઉલ્લેખ કરતાં ગડકરીએ કહ્યું કે સોશ્યલ મીડિયા પર ઇથેનોલ વિરુદ્ધ એક પેઇડ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે આ ઝુંબેશ કોઈ પણ તથ્યોથી મુક્ત છે. ઇથેનોલ વિરુદ્ધની ઝુંબેશ તેમને રાજકીય રીતે નિશાન બનાવવા માટે હતી.

આપણી અશ્મિભૂત ઈંધણની આયાત ૨૨ લાખ કરોડ રૂપિયાની છે. જેમ જેમ માંગ વધી રહી છે તેમ તેમ આયાત પણ વધશે. જો કેન્દ્ર સરકાર દેશનાં કરોડો વાહનો ઉપર પ્રયોગ કરી રહી હોય તો આ વાહનોને થનારા નુકસાનને ભરપાઈ કરવાની જવાબદારી પણ સરકારે લેવી જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**કોંગ્રેસના નેતા પવન ખેરાએ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પર નિશાન સાધતાં કહ્યું છે કે જ્યારે પિતા નીતિન ગડકરી નીતિઓ બનાવી રહ્યા છે, ત્યારે તેમના પુત્રો તેનો લાભ લઈ રહ્યા છે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

મિલ્કત વેચવાની છે

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

**ફ્લેટ વેચવાનો છે.**
1 BHK અડાજણ, નાગરદાસ હોલ પાસે, (M) 9979859777. (201)

**જુનો સામાન વેચવાનો**
છે સોફા કમબેડ, ફ્રીઝ, વોશીંગ મશીન, એસી, ઈનવર્ટર (M) 9979859777 (202)

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

**જહાંગીરપુરા**
સંકલ્પ રોહાઉસમાં ઘર વેચવાનું. 9601662923

નોકરી વિષયક

**ટેલી કોલિંગ કરી**
શકે તેવા છોકરીઓ જોઈએ છે. Mo. No. 9974252925

**ડિલીવરી બોય**
તાત્કાલિક જોઈએ છે. વલસાડ માટે ટુ- વ્હીલર હોવુ જરૂરી આકર્ષક પગાર + કમિશન સંપર્ક: કલ્પેશભાઈ (ફક્ત વલસાડ માટે) 9586404092

**દુકાન અને ગોડાઉન**
માટે ઉત્સાહી છોકરા અને છોકરી જોઈએ છે. પાર્ટ- ફુલ ટાઈમ. પગારઃ- 10,000/- થી 15000/-. નોંધઃ- ફોન કરવાનો સમયઃ- 11 થી 7. શોભન ઈલેક્ટ્રીકલ્સ. અડાજણ, સુરત. MO:- 9904064499.

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*